અપીલ અરજી નં.૨૭૮ તા .૨૦–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ઈશ્વરભાઈ જી. પટેલ
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈશ્વરભાઈ જી. પટેલની તા. ૪–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અમો અરજદારે આપ સાહેબશ્રીની કચેરીમાં તા.૨૭–૬–૧૧ના રોજ આરટીઆઈ મુજબ અરજી કરેલ હતી. જેનો આઈ.ડી. ક્રમાંક ૧૪૪ છે જેનો આઉટવર્ડ નં. ૪૪૭, તા.૨૬–૭–૧૧થી જવાબ આપેલ છે જે જવાબના પુરાવા તરીકે રાંદેરઝોન આકારણી વિભાગમાંથી નોટીસ તા. ૨૨–૭–૧૧ના રોજ આપેલ છે જે નોટીસનાં પેરા ૬ અને ૭ મુજબ કયાં કયાં પુરાવાઓ રજુ કરેલ છે તેની નકલ આપો તેમજ જો તે પુરાવાઓ રજુ ન કરેલ હોય તો કઈ કાર્યવાહી કરવામાં આવે તેની માહિતી આપો અને તેવી કાર્યવાહીની શરૂઆત કેવી રીતે થાય તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૭૮/૨૦૧૧–૧૨

શ્રી ઈશ્વરભાઈ જી. પટેલની તા. ૪–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અમો અરજદારે આપ સાહેબશ્રીની કચેરીમાં તા.૨૭–૬–૧૧ના રોજ આરટીઆઈ મુજબ અરજી કરેલ હતી જેનો આઈ.ડી. ક્રમાંક ૧૪૪ છે જેનો આઉટવર્ડ નં. ૪૪૭,તા. ૨૬–૭–૧૧થી જવાબ આપેલ છે જે જવાબના પુરાવા તરીકે રાંદેરઝોન આકારણી વિભાગમાંથી નોટીસ તા. ૨૨–૭–૧૧ના રોજ આપેલ છે જે નોટીસનાં પેરા ૬ અને ૭ મુજબ કયાં કયાં પુરાવાઓ રજુ કરેલ છે તેની નકલ આપો તેમજ જો તે પુરાવાઓ રજુ ન કરેલ હોય તો કઈ કાર્યવાહી કરવામાં આવે તેની માહિતી આપો અને તેવી કાર્યવાહીની શરૂઆત કેવી રીતે થાય તેની માહિતી આપવા બાબતે ડે.કમિ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં. આઉટવર્ડ નં./૫૩૩ તા.૨૬–૮–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૫૨ તા.૩૦–૯–૧૧ થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને મુળ અરજીની વિગત, ભરેલ ફીની વિગત સહ રજુ કરવા તથા જાહેર માહિતી અધિકારીના તા. ૨૬–૮–૧૧ના પત્ર સાથે આપેલ માહિતી બાદ શું વિગતે નારાજગી છે ? કઈ મિલ્કત અંગે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૬૪૧ તા.૭–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૫૩૩ તા.૨૬–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૫–૧૦–૧૧ નો પૂરક પત્ર સાથે મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, માહિતીની નકલ પેટે ભરપાઈ કરેલ નાણા અંગે રસીદ નં.૨૮૭૫૮ તા.૩૦–૮–૧૧ ની રસીદની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ, આકારણીના પુરાવા અંગે પાઠવેલ યાદપત્ર–૧ તા.૨–૮–૧૧ તથા યાદપત્ર–૨ તા.૨૦–૮–૧૧ ની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૪–૮–૧૧ ની અરજીથી રાંદેરઝોનની આકારણી વિભાગની તા.૨૨–૭–૧૧ ની નોટીસના પેરા નં.૬ અને ૭ મુજબ કયા પુરાવા રજૂ કર્યા અને તે અંગેની કાર્યવાહીની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૫૩૩ તા.૨૬–૮–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જે અંગે અરજદારે ગોળ ગોળ અને ઉડાઉ જવાબ આપેલ છે ઝોનને પોતાને પણ ખબર નથી કે જમીનની આકારણી કરેલ છે તેમજ તેના પુરાવા પણ આપેલ નથી તેવું જણાવી તા.૨૦–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજીના મુદ્દા નં.(૧) અમો અરજદારે આપ સાહેબશ્રીની કચેરીમાં તા.૨૭–૬–૧૧ના રોજ આરટીઆઈ મુજબ અરજી કરેલ હતી જેનો આઈ.ડી. ક્રમાંક ૧૪૪ છે જેનો આઉટવર્ડ નં. ૪૪૭,તા. ૨૬–૭–૧૧થી જવાબ આપેલ છે જે જવાબના પુરાવા તરીકે રાંદેરઝોન આકારણી વિભાગમાંથી નોટીસ તા. ૨૨–૭–૧૧ના રોજ આપેલ છે જે નોટીસનાં પેરા ૬ અને ૭ મુજબ કયાં કયાં પુરાવાઓ રજુ કરેલ છે તેની નકલ આપો તેમજ જો તે

પુરાવાઓ રજુ ન કરેલ હોય તો કઈ કાર્યવાહી કરવામાં આવે તેની માહિતી આપો અને તેવી કાર્યવાહીની શરૂઆત કેવી રીતે થાય તેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તેમના ધ્વારા માંગેલ માહિતીના અનુસંધાનમાં સામેની પાર્ટીને તા.૨–૮–૧૧ ના રોજ યાદપત્ર–૧ અને તા.૨૦–૮–૧૧ ના રોજ યાદપત્ર–૨ પાઠવવામાં આવેલ છે. સદર સ્થળ રે.સ. નં.૨૮ ટેના નં.૧૭બી–૦૧–૦૪૭૧–૦–૦૦૧ થી મહાનગરપાલિકાના આકારણી દફતરે નોંધાયેલ છે. જેના એફ પી. નં. ૯૫–૯૬–૯૭ છે. સદર ઓફિસ કયા એફપી ઉપર નોંધાયેલ છે. જેની વિગતો પુરાવા પત્રકો પાઠવવા છતાં પૂરી પાડવામાં આવેલ નથી. જેથી આપશ્રીને આપી શકાય તેમ નથી. હાલના સંજોગો જોતાં પુરાવાના અભાવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી તેમ છતાં જમીન અંગેના જરૂરી દસ્તાવેજી કાગળો મળ્યેથી રાંદેરઝોન કક્ષાએથી કાર્યવાહી કરવામાં આવશે. તેવું જણાવેલ. જે અંગે ટેના નં.૧૭બી–૦૧–૦૪૭૧–૦–૦૦૧ યાદપત્ર–૧–૨ આકારણી નોટીસની નકલો રસીદ નંબર ૨૮૭૫૮ તા.૩૦–૮–૧૧ ના રોજ ભરપાઈ કરતાં તે જ દિવસે પૂરી પાડવામાં આવેલ છે જેમાં નકલ મળ્યા તા.૩૦–૮–૧૧ જણાવેલ છે. આમ આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. જે અંગે અરજદારે પૂરક વિગતોના પત્રથી વોર્ડ નં.૧૭/બી ફા.પ્લોટ નં.૯૫,૯૬ અને ૯૭ વાળી જમીનમાં કઈ જમીનમાં ઓફિસ બાંધકામની આકારણી કરવામાં આવેલ છે તેની માહિતી મળેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ સદર ઓફિસ કયા એફપી ઉપર નોંધાયેલ છે જેની વિગતો પુરાવા પત્રો પાઠવવા છતાં પૂરી પાડવામાં આવેલ નથી તથા હાલના સંજોગો જોતાં પુરાવાના અભાવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી જમીન અંગેના જરૂરી દસ્તાવેજ કાગળો મળ્યેથી કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ છે. આમ અરજદારને હાલની પરિસ્થિતિ સુધીની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આથી અપીલ અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૮–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઈશ્વરભાઈ જી. પટેલ,